શ્રી. કે.એલ.બારીયા, કમિશ્નર, વર્કમેન કોમ્પેનશેસન એકટ, મજુર અદાલત, ગાંધીધામ–કચ્છ.

વ.કો.ફેટલ અરજી નં. ૯/૧૦

ગુજરનાર ગોવિંદ પુંજાભાઈ ચારણના વારસદારો

૧. શ્રીમતી હિરા જીવરાજ કૌર તથા ૩,
ઉ.વ. ૨૦, ધંધો–ઘરકામ.
રહે :– લીબકા, પંચાયત વોર્ડ નં. ૭,
રોલચા, હાલે રહે :– પ્લોટ નં. ૩૭૬ બી, ગણેશનગર,
સેકટર–૬, ગાંધીધામ–કચ્છ. અરજદાર.....

વિરૂધ્ધ

૧. શ્રીમતી આભા બિનોદ શર્મા,
ટ્રાન્સપોર્ટ નગર,
ચંદેરીયા, છતીસગઢ,
હાલે રહે–પ્લોટ નં. ૪૯, વોર્ડ નં. ૪/બી,
આદીપુર–કચ્છ.

૨. ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની,
મારફતે ડીવીઝનલ મેનેજર,
સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પાસે,
ગાંધીધામ–કચ્છ. સામાવાળા...

પ્રતિનિધિત્વ :– અરજદાર તરફે :–શ્રી. એફ.એ.ખોજા, એડવોકેટ.
સામાવાળા નં. ૧ તરફે :–ગેરહાજર..
સામાવાળા નં. ૨ તરફે :–શ્રી. બી.કે.વ્યાસ, એડવોકેટ.

<u>અરજદારની આંક–૧ ની વળતર અરજી નીચે હુકમ</u>

૧.આ કામના અરજદારોએ કર્મચારી વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ અરજદાર નં. ૧ ના ગુજરનાર પતિ તથા અરજદાર નં. ૨ પિતા, અરજદાર નં. ૩–૪ ના પુત્ર જીવરાજ કૌરના કાયદેસરના આશ્રિતો તરીકે અકસ્માતના પરીણામે થયેલ મૃત્યુ બદલ સામાવાળા નં. ૧ અને નં. ૨ પાસેથી વળતરની રકમ રૂા. ૪,૪૫,૪૨૦/– (અંકે રૂા. ચાર લાખ, પિસ્તાલીસ હજાર, ચારસો વીસ પુરા) ૫૦ % પેનલ્ટી તથા ૧૨ % વ્યાજ સહીત અપાવવા તથા અન્ય હર કોઈ દાદની માગણી કરેલ છે.

અરજદારોની અરજીની ટુંકી હકીકત એવી છે કે, આ કામના ગુજરનાર કે જેઓ અરજદાર નં. ૧ ના પતિ અરજદાર નં. ૨ ના પિતા અને અરજદાર નં. ૩–૪ ના પુત્ર સામાવાળા નં. ૧ ને ત્યા કલીનર તરીકે માસિક રૂા. ૪૦૦૦/– ના પગારથી નોકરી કરતા હતા. અકસ્માત સમયે ગુજરનારની ઉમર ૨૧ વર્ષની હતી. સામાવાળા નં. ૨ પાસેથી સામાવાળા નં. ૧ ના એ ઈન્સ્યોરન્સ ઉતરાવેલ છે જેની પોલીસી નં. ૨૧૧૬૦૦–૩૧–૦૮–૦૦૦૨૨૭૨૬ તા. ૧ /૨/૦૯ થી ઈસ્યુ કરેલ છે અન. જે પોલીસીનો સમય તા. ૧/૨/૦૯ થી તા. ૩૧/૧/૧૦ હતો અને અકસ્માત સમયે એ પોલીસી અસ્તિત્વમા હતી. તા. ૬/૧/૧૦ ના રોજ ગુજરનાર સામાવાળા નં. ૧ ની સુચના મુજબ કામ કરતા હતા ત્યારે સામાવાળા નં. ૧ ના ટેન્કર નં. આરજે.૯.જી.૪૬૫૭ ઉપર ગાંધીધામથી ગળપાદર પાણી લોડ કરવા જતા તા. ૬/૧/૧૦ ના રોજ ૧૧.૩૦ કલાકે ડ્રાઈવરે તે ટેન્કર ચાલુ કરતા ઈલેકટ્રીક લાઈનનો કરંટ લાગતા ઉપરથી નીચે પડતા ગંભીર ઈજા થતા આદીપુર ખાતે લઈ ગયેલા અને તયા સીવીલ હોસ્પિટલમા મૃત્યુ પામેલ અને મૃત્યુનું કારણ ફરજ દરમ્યાન ઈલેકટ્રીક કરંટ લાગવાથી નિપજેલુ અને તે સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન થયેલ છે. સામાવાળા નં. ૧–૨ ના એ વળતરની રકમ ચુકવવા જવાબદાર હોવા છતા વળતરની રકમ કમિશ્નરશ્રી સમક્ષમ ડીપોઝીટ કરાવેલ નથી. કર્મચારી વળતર અીધનિયમ હેઠળ અરજદારના એડવોકેટે તા. ૧૦/૨/૨૦૧૦ ના રોજ નોટીસ આપેલી હોવા છતા તે નોટીસનો જવાબ આપેલ નહીં. ગુજરનારની અકસ્માત સમયે ઉમર ૨૧ વર્ષ અને પગાર રૂા. ૪૦૦૦/– જે રીલેવન્ટ ફેકટર સાથે ગણતરી કરતા રૂા. ૪,૪૫,૪૨૦/– મેળવવા હકદાર છે. અરજદાર નં. ૧ ના પતિ સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન અકસ્માત મૃત્યુ પામેલ હોય વળતર ચુકવવા માટે સામાવાળા નં. ૧ તથા નં. ૨ ના સંયુકત અનુ પૃથ્થક પૃથ્થક રીતે જવાબદાર

હોવા છતાં ચુકવેલ ન હોય ૫૦ % પેનલ્ટી રૂા. ૨,૨૨,૭૧૦/– અને ૧૨ % વ્યાજ પણ મેળવવા હકદાર છે. ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશને એકસીડન્ટ મૃત્યુની નોંધ થયેલ છે. આ અકસ્માત ગાંધીધામ ખાતે થયેલ હોય અને અરજદારો ગાંધીધામ ખાતે રહેતા હોય નામ. કોર્ટને અરજી ચલાવવાની હકુમત છે. કોર્ટ ફી સ્ટેમ્પના રૂલ્સ–૫૪ મુજબ જરૂરી સ્ટેમ્પ પેપર રજુ કરેલ છે તેથી અરજીમા માગ્યા મુજબની દાદ અપાવવા અરજ છે.

અરજી અદાલત સમક્ષ આવતા આ કામના સામાવાળા નં. ૧–૨ ને નોટીસ કાઢવામાં આવેલ. જે નોટીસ આંક–૭–૮ થી બજી ગયેલ હોવાનું સ્વિકૃતિ પહોંચથી ફલિત થાય છે.આ કામે અરજદાર તરફે આંક–૨ થી શ્રી. એફ.એચ.ખોજાનું વકીલપત્ર રજુ થયેલ છે.

આ કામે સામાવાળા નં. ૧ તરફે નોટીસ બજવા છતા હાજર રહીને નામ. કોર્ટમા જવાબ આપેલ ન હોય આંક–૧૫ ની અરજદાર તરફે આપેલ અરજીના આધારે જવાબનો હકક અદાલતે બંધ કરેલ છે. આ કામે વિમાકંપની તરફે આંક–૯ થી શ્રી. બીના.કે.વ્યાસનું વકીલપત્ર રજુ થયેલ છે

આંક–૧૪ થી વિમાકંપની તરફે અરજદારની અરજી વિરૂધ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની અરજીની તમામ હકીકતો ઉપજાવી કાઢેલી અને કાયદા વિરૂધ્ધની હોય અરજી ખર્ચ સાથે રદ થવા પાત્ર છે. સામાવાળા નં. ૨ ને અરજદારની અરજીની તમામ હકીકતો કબુલ મંજુર નથી અને અરજદારોએ સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. સામાવાળા નં. ૨ વિમાકંપની કોઈપણ વળતર ચુકવવા જવાબદાર નથી સિવાય કે ગુજરનાર અકસ્માત સમયે ડ્રાઈવીંગ કરતા હતા અને ઈફેકટીવ અને કાયદેસરનું લાયસન્સ ધરાવતા હતા અને અકસ્માતે ત વાહન સંકળાયેલ હોય તે અરજદારે પુરવાર કરવું જોઈએ. પોલીસીની ટર્મ્સ એન્ડ કંડીશન મુજબ તથા આર.ટી.ઓ. ની પરમીટ મુજબ વિમાકંપનીની મર્યાદીત જવાબદારી ઉત્પન્ન થાય છે. અરજદારો ૧૨ % વ્યાજ મેળવવા હકદાર નથી. એ હકીકત ખરી નથી કે સામાવાળા નં. ૧ ના એ ગુજરનાર કર્મચારીનું રેકર્ડ રજુ કરેલ હોય અને પગાર,એપોઈન્ટમેન્ટ લેટર,મસ્ટર રજીસ્ટર અકસ્માત સમયનું રજુ કરવું જરૂરી છે. ઈન્કવેસ્ટ પંચનામા, ઉમરનો દાખલો, આવકનો દાખલો સામાવાળા નં. ૧ ના એ અરજદારે રજુ કરેલ નથી તેથી વિરૂધ્ધનું અનુમાન કરી શકાય કે અરજદાર અને સામાવાળા નં. ૧ વચ્ચે કામદાર માલીકનો સંબંધ ન

હતો. અને સામાવાળા નં. ૧ ના એ પોલીસીની ટર્મ્સ એન્ડ કંડીશનનો ભંગ કરેલ હોય વિમાકંપની વળતર ચુકવવા જવાબદાર નથી. અરજી કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોય અને અરજદારોએ સમયમર્યાદામા કોઈ નોટીસ મોકલેલ ન હોય અને નોટીસ સાથે કોઈ દસ્તાવેજ મોકલેલ ન હોય અરજી રદ થવા પાત્ર છે. એ હકીકત ખરી નથી કે, ગુજરનાર સામાવાળા નં. ૧ ની સુચનાથી ટેન્કર નં. આરજે.૯.જી.૪૬૫૭ ઉપર કલીનર તરીકે ફરજ બજાવતા હતા. અને સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન તા. ૬/૧/૧૦ ના રોજ ગુજરનારને ઈલેકટ્રીક શોર્ટ લાગતા મૃત્યુ થયેલ અને અરજદારો ગુજરનારના આશ્રિત છે તે સ પષ્ટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. અરજદારની અરજીની એ હકીકત ખરી નથી કે તા. ૬/૧/૧૦ ના રોજ સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન ગુજરનારને ગાંધીધામથી ગળપાદર મોકલેલા અને ટેન્કરના કલીનર તરીકે ટેન્કરમા પાણી ભરતા અને ડ્રાઈવરના કહેવાથી ટેન્કરનુ ઢાંકણું ખોલતા ઈલેકટ્રીક કરંટ લાગતા ગુજરનારને ઈજા થવાથી ઈજાના પરીણામે મૃત્યુ પામેલા અને અરજદારનું અકસ્માત સંબંધી નિવેદન કબુલ મંજુર નથી અને અકસ્માત અંગેની જે હકીકત છે તે કબુલ મંજુર નથી. સામાવાળાનું આ વાહન અકસ્માતમા સંકળાયેલ ન હતું અને કબુલ મંજુર નથી તે પુરવાર કરવું જોઈએ. ગુજરનારને ગંભીર ઈલેકટ્રીક શોર્ટ લાગવાને કારણે અકસ્માતે મૃત્યુ થયેલ હોવાની હકીકત ખરી અને કબુલ મંજુર નથી. અરજદારોએ ઈનકવેસ્ટ પંચનામુ રજુ કરેલ નથી તેથી આ અરજી રદ થવા પાત્ર છે. અરજદારોની અરજીની એ હકીકત ખરી નથી કે, ગુજરનારની ઉમર અકસ્માત સમયે ૨૧ વર્ષ અને સામાવાળા નં. ૧ ના કલીનર તરીકે માસિક રૂા. ૪૦૦૦/- પગાર મળતો હતો જે અરજદારોએ સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ તેથી અરજદારે અરજીમા માગ્યા મુજબ વળતરની રકમ રૂા. ૪,૪૫,૪૨૦/- , ૫૦ % પેનલ્ટી તથા ૧૨ % વ્યાજ મેળવવા કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતા માલીક ચુકવવા જવાબદાર છે. વિમાકંપની ચુકવવા જવાબદાર નથી તેથી આ અરજી રદ કરવા અરજ છે.

ત્યારબાદ આ કામે અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા આંક-૩ થી રજુ કરેલ છે જેમાં આંક-૩/૪ ના દસ્તાવેજના સામે વાંધો લીધેલ છે. આંક-૩/૫ થી ૮ ની ઝેરોક્ષ નકલ છે. આંક-૩/૯-૧૧-૧૨-૧૩ ને પાકો આંક આપવા વિમાકંપનીએ નોંધ મુકેલ છે. આ જ દસ્તાવેજો આંક-૨૯ ના લીસ્ટથી અરજદારો તરફે રજુ થયેલ છે જેમાં અકસ્માતની પોલીસ એન્ટ્રી,સ્થાનિક જગ્યાનું પંચનામુ,ઈનકવેસ્ટ પંચનામુ,પોલીસ રીપોર્ટ, પોલીસે હોસ્પિટલને

લખેલ યાદી, પી.એમ.નોટ, પી.જી.વી.સી.એલ. એ કરેલ પોલીસને રીપોર્ટ અને પી.જી.વી.સી.એલ. નો રીપોર્ટ, જે દસ્તાવેજો નં. ૧ થી ૮ ને તકરારને બાદ ન આવે તે રીતે પાકો આંક આપવાનું વિમાકંપનીના વકીલે નોંધ મુકેલ છે. આ કામે અરજદાર તરફે વધુ દસ્તાવેજી પુરાવા આંક–૨૨ થી નોટીસને લગતા છે જેમા આંક–૧ સિવાયના દસ્તાવેજોને પાકો આંક આપવા વિમાકંપનીના વકીલે નોંધ મુકેલ છે જે દસ્તાવેજો વંચાણે લીધા.

ત્યારબાદ આ કામે અરજદાર તરફે પુરાવામા હીરા જીવરાજ કૌરે સોગંદનામા ઉપર જુબાની આપેલ છે. જેની ઉલટતપાસ સામાવાળા નં. ૨ ના વકીલશ્રીએ કરેલ છે. સામાવાળા નં. ૧ ના એ કોઈ ઉલટતપાસ કરેલ નથી. આંક–૨૪ થી અરજદાર તરફે પી.એસ.આઈ., એ.ડીવીઝન,ગાંધીધામને દસ્તાવેજ સાથે હાજર રહેવા સમન્સ કાઢેલ. ત્યારબાદ દસ્તાવેજની ખરી નકલ આપેલ હોય પોલીસ દસ્તાવેજની જરૂર રહેતી નથી તેવી અરજદારના વકીલે નોંધ મુકેલ છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક–૩૦ ની અરજી આપીને દસ્તાવેજોને પાકો આંક આપવા અરજી આપેલ છે જે અરજી ઉપર અદાલતે હુકમ કરેલ છે કે આ કામે અરજદાર તરફે રજુ થયેલ નિશાની ૩/૧ થી નિશાની ૩/૧૪ ને પાકો આંક આપવા ઠરાવવામાં આવે છે. આંક–૩૧ થી અરજદાર તરફે વધુ કોઈ પુરાવા લેવા નથી તેવું જાહેર કરેલ છે.આંક–૩૬ થી વિમાકંપની તરફે વિમાપોલીસીની નકલ રજુ કરેલ છે. અને આંક–૩૭ થી વિમાકંપની તરફે વધુ કોઈ પુરાવા લેવા નથી તેવું જાહેર કરેલ છે. આ કામે સામાવાળા નં. ૧ ના એ કોઈ પુરાવો રજુ ન કરતા અરજદારની આંક–૩૨ ની અરજીના આધારે બંધ કરેલ છે.

ત્યારબાદ આ કામ પક્ષકારોની દલીલ ઉપર રાખવામાં આવતા અરજદાર તરફે લેખિત દલીલ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે, આ કામના અરજદારે આંક–૧ ની અરજી સાથે આંક–૨૩ થી સોગંદનામા ઉપર જુબાની આપેલ છે. આ કેસ દાખલ કરતા પહેલા અરજદારે નોટીસ સામાવાળાને મોકલેલ છે. કેસના સમર્થનમાં આંક–૨૯ ના લીસ્ટથી જાણવાજોગ એન્ટ્રી,પોર્સ્ટમોર્ટમ રીપોર્ટ, પંચનામુ રજુ કરેલ છે. ગુજરનારની ફરજ દરમ્યાન સામાવાળા નં. ૧ ના ડ્રાઈવરની બેદરકારી અને ગફલતના કારણે ચાલુ ફરજ ઉપર અકસ્માત બનેલ હોવાનું પુરવાર થાય છે અને ગુજરનાર ફરજ દરમ્યાન હતા ત્યારે અકસ્માત થયેલ હોવાનુ અરજદાર સાબિત કરે છે. સામાવાળા નં.૧ ના વાહન નં.આરજે.૦૯.જી.૪૬૧

૭ ઉપર કલીનર તરીકે માસિક રૂા. ૪૦૦૦/– પગાર મળતો હતો. ગુજરનારની ઉમર અકસ્માત સમયે ૨૧ વર્ષની હતી જે પી.એમ. નોટ ઉપરથી ફલિત થાય છે જે અરજદારે સાબિત કરેલ છે. ૨૧ વર્ષની ઉમરે રેલેવન્ટ ફેકટર ૨૨૨.૭૧ મુજબ વળતરની ગણતરી કરેલ છે. સામાવાળા નં. ૨ પાસેથી વિમાપોલીસી સામાવાળા નં. ૧ ના વાહનની લીધેલ છે અને એ પોલીસીનો સમય તા. ૧/૨/૨૦૦૯ થી તા. ૩૧/૧/૧૦ છે જે વાહન સામાવાળાનું હતુ તે આર.સી.બુક ઉપરથી ફલિત થાય છે. તા. ૩૧/૧/૧૦ ના રોજ બનાવ બનેલ છે અને પોલીસી તે સમયે અસ્તિત્વમા હતી. તા. ૧૧/૨/૧૦ ના રોજ નોટીસ આપેલ છે તેથી ૫૦ % પેનલ્ટી અને ૧ માસમા પૈસા જમા કરાવેલ ન હોય ૧૨ % વ્યાજ મેળવવા હકદાર થાય છે. ઉપરોકત દલીલના સમર્થનમાં અરજદારે ૨૦૧૨ એસીજે પાના નં. ૫૦૪ નામ. મદ્રાસ હાઈકોર્ટ, ૨૦૧૦ એસીજે પાના નં. ૨૨૬૭ નામ. કર્ણાટક હાઈકોર્ટ, ૨૦૧૧એસીજે પાના નં.૪૦૩ નામ.અલ્હાબાદ હાઈકોર્ટ,૨૦૧૫ એસીજે પાના નં. ૯૩૬ નામ. સુપ્રિમકોર્ટના ચુકાદા રજુ કરેલ છે અને તેથી અરજદારોની આ અરજી મંજુર કરવી જોઈએ.

સામાવાળા નં. ૧ તરફે આ કામે કોઈ દલીલ રજુ કરેલ નથી.

સામાવાળા નં. ૨ તરફે દલીલ કરતા શ્રી. બી.કે.વ્યાસ મૌખિક દલીલ કરતા જણાવે છે કે, આ કામના અરજદારોએ આ કામના ગુજરનાર સામાવાળા નં. ૧ ના કામદાર હતા તે બતાવતા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આવક અંગેનો પણ કોઈ આધાર અરજદારે રજુ કરેલ નથી. અને કહેવાતા બનાવ અંગે અરજદારે સામાવાળા નં. ૨ વિમાકંપનીને નોટીસ સાથે કોઈ દસ્તાવેજ મોકલેલ ન હોય તથા સામાવાળા નં. ૧ ની પ્રાથમિક જવાબદારી વળતર ચુકવવાની હોય આ કાયદાની કલમ–૩ જોતા વિમાકંપનીની કોઈ જવાબદારી બનતી નથી.વિમાકંપની સામાવાળા નં. ૧ ના વાહનનો વિમો સામાવાળા નં. ૨ પાસે ઉતરાવેલ હોય પોલીસીની ટર્મ્સ એન્ડ કંડીશન જોતા સામાવાળા નં. ૧ ના એ ભંગ કરેલ હોય વિમાકંપનીની કોઈ જવાબદારી બનતી નથી. દલીલના સમર્થનમાં નામ. મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો ૨૦૦૬ એસીજે નો રજુ કરેલ છે તે જોતા સામાવાળા નં. ૧ ના એ કોઈ દસ્તાવેજો અકસ્માત બનાવ બાબતે વિમાકંપનીને મોકલેલ નથી અને તેથી વિમાકંપનીની કોઈ જવાબદારી ઉભી થતી નથી તેથી અરજદારની વળતર અરજી રદ કરવી જોઈએ.

૩. ત્યારબાદ આ કામમાં મારા પુરોગામી વિદવાન ન્યાયાધીશશ્રીએ આંક–૧૬ થી ઈસ્યુ ફ્રેમ કરેલ છે. જે નીચે મુજબ છે.

<u>મુદાઓ</u>

૧. શું હાલના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો અને વારસદારો છે. ?

૨. શું ગુજરનાર સામાવાળા નં. ૧ ના કામદાર હોવાનું સાબિત થાય છે. ?

૩. ગુજરનારને સામાવાળાની નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલ છે. ?
જો હા તો અકસ્માતના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે. ?

૪. અકસ્માત સમયે ગુજરનારની ઉમર શું હતી તે પુરવાર થાય છે. ? અને માસિક પગાર રૂા. ૪૦૦૦/– હતો તે પુરવાર થાય છે. ?

૫. સામાવાળાઓ વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા તો કેટલી રકમ ?

૬. વિમાકંપનીની શું જવાબદાર થાય છે.

૭. સામાવાળાઓએ વળતરની રકમ ઉપર શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. ?

૮. શો આખરી હુકમ ?

ઉપરોકત મુદાઓનો મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

૧. મુદા નં. ૧ હકારમાં

૨. મુદા નં. ૨ હકારમાં

૩. મુદા નં. ૩ હકારમાં

૪. મુદા નં. ૪ અંશત : હકારમાં

૫. મુદા નં. ૫ અંશત : હકારમાં

૬. મુદા નં. ૬ અંશત: હકારમાં

૭. મુદા નં. ૭ અંશત: હકારમાં

૮. મુદા નં. ૮ આખરી હુકમ મુજબ.

## તારણો

મુદા નં. ૧ તથા નં. ૨ :–

મુદા નં. ૧ તથા નં. ૨ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરોકિત ટાળવા માટે સંયુકત તારણો આપવામાં આવે છે. આ કામના અરજદારોએ આંક–૧ ની દાવા અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદાર નં. ૧ ના પતિ, અરજદાર નં. ૨ ના પિતા, અરજદાર નં. ૩–૪ ના પુત્ર સામાવાળા નં. ૧ ને ત્યાં કલીનર તરીકે ફરજ બજાવતા હતા. અને સામાવાળા નં. ૧ માસિક પગાર રૂા. ૪૦૦૦/– આપતા હતા. અને સામાવાળા નં. ૧ ની સુચના મુજબ ટેન્કર નં. આરજે.૯.જી. ૪૬૫૭ ઉપર કામ કરતા હતા. આ કામના સામાવાળા નં. ૧ ને નોટીસ આંક–૭ થી બજી ગયેલ હોવાનું સ્વિકૃતિ પહોંચથી ફલિત થાય છે. સામાવાળા નં. ૧ ના એ કોઈ જવાબ આપેલ નથી. સામાવાળા નં. ૨ વિમાકંપનીએ અરજીની હકીકતો કબુલ મંજુર નથી અને સબળ પુરાવાથી પુરવાર કરવી જોઈએ તેવું જણાવેલ છે. આ

અંગે અરજદારે આંક–૨૩ થી સોગંદનામા ઉપર જુબાની આપેલ છે જેમાં '' હું ગુજરનારની ઘરવાળી છું. અને અરજદાર નં. ૨ મારો પુત્ર છે. અરજદાર નં. ૩–૪ મારા સાસુ–સસરા છે. મારા પતિ જીવરાજ કૌર આ કામના સામાવાળા નં. ૧ ના શ્રીમતી આભા વિનોદ શર્મા ગાંધીધામ પાસે કલીનર તરીકે કામ કરતા હતા. ગુજરનારના પગારથી અમારૂં ગુજરાન ચાલતુ હતું અને ગુજરનારની આવક ઉપર આધારીત હતા. સામાવાળા નં. ૧ તરફે ઉલટતપાસ કરેલ નથી. સામાવાળા નં. ૨ વિમાકંપની તરફે ઉલટતપાસમાં '' એ વાત ખરી છે કે ગુજરનાર સામાવાળા નં. ૧ ને ત્યાં નોકરી કરતા હતા તે દર્શાવતો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગુજરનાર સામાવાળા નં. ૧ ની માલીકીના વાહન નં. આરજે.૦૯.જી.૪૬૫૭ મા કલીનર તરીકે નોકરી કરતા હોવાની હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, ગુજરનાર અને સામાવાળા નં. ૧ વચ્ચે કામદાર–માલીકના સંબંધ હોવાની હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે હું મારા સાસુ તથા સસરા ગુજરનારના કાયદેસરના વારસદાર અને તેના ઉપર આધારીત હોવાની હકીકત ખોટી જણાવું છું. '' આમ, અરજદારની સોગંદનામાની જુબાની જોતાં અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો છે તેવું ફલિત થાય છે અને ગુજરનાર અને સામાવાળા નં. ૧ વચ્ચે કામદાર માલીકના સંબંધ હતા તેવું પણ અરજદાર પુરવાર કરી શકયા છે. આ કામના સામાવાળા નં. ૧ ના નામ. કોર્ટમાં હાજર રહેલ નથી અને અરજદારના સોગંદનામાની ઉલટતપાસ કરેલ નથી તેથી સામાવાળા નં. ૧ ની વિરૂધ્ધનું અનુમાન કરી શકાય. અરજદારે સામાવાળાને નોટીસ મોકલેલ તે નોટીસ સામાવાળાને મળેલ છે તેવું આ કામે રજુ કરેલ આંક–૩ના દસ્તાવેજી લીસ્ટથી ફલિત થાય છે અને તે નોટીસનો સામાવાળા નં. ૧ ના એ કોઈ જવાબ આપેલ ન હોય તેથી મુદા નં. ૧–૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં. ૩</u> :–

અરજદાર તેમની આંક–૨૩ ની જુબાનીના સોગંદનામામા જણાવે છે કે, સામાવાળા નં. ૧ ના ફરજના ભાગરૂપે તા. ૬/૧/૨૦૧૦ ના રોજ ટેન્કર નં.આરજે.૦૯.જી.૪૬૫૭ મા ખલાસી/કલીનર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા. ૬/૧/૧૦ ના રોજ ગાંધીધામથી ગળપાદર ગામે ટેન્કરમા પાણી ભરવા માટે મોકલેલા. ગુજરનાર મારા પતિ જીવરાજ કૌર સદર ટેનકરનું ઢાંકણું ખોલવા ટેન્કર ઉપર ચડેલા ત્યારે ટેનકરના ડ્રાઈવરે સદર ટેનકર રીવર્સમા લેતા વિજળીનો વાયર મારા પતિને અડી જતા શોર્ટ લાગેલ તેથી ટેન્કરમાંથી

નીચે પડતા અકસ્માતે તાત્કાલીક રામબાગ સરકારી હોસ્પિટલ ગાંધીધામ લઈ ગયેલા. ત્યાં ડોકટરશ્રીએ તપાસીએ ગુજરી ગયાનું જાહેર કરેલ. મારા પતિ ટેન્કરની ચાલુ ફરજે ગુજરી ગયેલ છે. સામાવાળા નં. ૧ ના એ ઉલટતપાસ કરેલ નથી. સામાવાળા નં. ર વિમાકંપની તરફે ઉલટતપાસમાં '' એ વાત ખરી નથી કે, ગુજરનારનું મૃત્યુ નોકરીના સમયગાળા દરમ્યાન થયેલ ઈજાના કારણે થયેલ હોવાની હકીકત ખોટી જણાવું છું. ગુજરનારનું ઈનકવેસ્ટ પંચનામુ રજુ કરેલ નથી તે રજુ કરવા તૈયાર છું. '' તેથી અરજદારની જુબાનીજોતા ગુજરનારનું મૃત્યુ સામાવાળા નં. ૧ ની ફરજના ભાગરૂપે થયેલ છે તેવું ફલિત થાય છે. આ કામે આંક–ર૯ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા જોતાં અરજદાર ઈન્કવેસ્ટ પંચનામુ રજુ કરેલ છે અને જેને વિમાકંપનીએ આંક આપવા સામે વાંધો નથી તેવું લખેલ છે તે જોતાં સ્થાનિક જગ્યાએ વાહન નં.આરજે.૦૯.જી.૪૬૫૭ સફેદ કલરનું કાળી મેસ લાગેલ છે. ટૈનકર .પરથી પુર્વ પશ્ચિમ તરફથી વિજ વાયર પસાર થાય છે. મરણ જનાર જીવરાજ કૌર ટેન્કર ઉપરથી પસાર થતા વિજ વાયરથી શોર્ટ લાગતા નીચે પડતા મરણ પામેલ છે તેવું ઈન્કવેસ્ટ પંચનામાથી ફલિત થાય છે જે ઘ્યાને લેતા ગુજરનારનું મૃત્યુ સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન અકસ્માતના કારણે ગંભીર ઈજાના કારણે થયેલ હોવાનું ફલિત થાય છે . તેથી મુદા નં. ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. આ કામના સામાવાળા નં. ૧ ને નોટીસ મોકલેલ છે જે મળ્યા અંગેની સ્વિકૃતિ પહોંચ આ કામે રજુ છે. આ કામના સામાવાળા નં. ૧ ના એ નોટીસનો જવાબ આપેલ નથી અને આંક–૬ થી અદાલતની નોટીસ બજવા છતા નામ. કોર્ટમા હાજર રહેલ નથી તેથી સામાવાળા નં. ૧ ની ફરજના ભાગરૂપે અકસ્માત થયેલ હોવાનું ફલિત થાય છે તેથી અરજદારના એડવોકેટની એ દલીલ સાથે અદાલત સંમત છે કે, સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન ગુજરનારનું મૃત્યુ થયેલ છે.

મુદા નં. ૪ થી નં. ૫ :–

મુદા નં. ૪ તથા નં. ૫ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરોકિત ટાળવા માટે સંયુકત તારણો આપવામાં આવે છે.અરજદારે તેમની દાવા અરજીમાં અકસ્માત સમયે ગુજરનારની ઉમર ર૧ વર્ષ અને પગાર રૂા. ૪૦૦૦/– મળતુ હોવાનું જણાવેલ છે. સામાવાળા નં. ૧ ના એ કોઈ જવાબ આપેલ નથી. સામાવાળા નં. ર ના એ અરજદારની અરજીની હકીકતનો ઈનકાર કરેલ છે અને અરજદારે સબળ પુરાવાથી પુરવાર કરવું

જોઈએ તેવું જણાવેલ છે. અરજદાર તરફે આંક-૨૩ ના સોગંદનામામાં સામાવાળા નં. ૧ ના ટેન્કર નં. આરજે.૦૯.જી.૪૬૫૭ મા કલીનર તરીકે નોકરી કરતા હતા અને ગાંધીધામથી ગળપાદર ફરજ ઉપર મોકલેલા અને અકસ્માત અગાઉ મારા પતિને તેમના માલીક રૂા. ૪૦૦૦/- પગાર આપતા હતા અકસ્માત સમયે મારા પતિની ઉમર ૨૧ વર્ષની હતી. સામાવાળાએ જવાબમા જે તકરાર લીધેલ છે તે ખોટી છે. આ કામના સામાવાળા નં. ૧ ના એ હાજર રહી ઉલટતપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે ગુજરનારની ઉમર દર્શાવતો પુરાવો મેં રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગુજરનારની ઉમર ૨૧ વર્ષની હોવાનું હું ખોટું જણાવુ છું. એ વાત ખરી છે કે ગુજરનારની માસિક આવક રૂા. ૪૦૦૦/- હતી તે દર્શાવતો પુરાવો રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે ગુજરનાર સામાવાળા નં. ૧ પાસેથી માસિક રૂા. ૪૦૦૦/- પગાર મેળવતા હોવાની હકીકત ખોટી જણાવું છું. આમ, અરજદારની સોગંદ ઉપરની જુબાની જોતાં ગુજરનારની ઉમર અંગે આધાર રજુ કરેલ નથી પરંતુ આ કામે રજુ કરેલ આંક-૨૯ ના લીસ્ટથી પી.એમ. નોટ જોતાં અરજદારની ઉમર ૨૧ વર્ષ દર્શાવેલ છે તેવું પી.એમ. રીપોર્ટથી ફલિત થાય છે. આવક અંગે અરજદારે કોઈ આધાર રજુ કરેલ નથી તેવું સ્વિકારેલ છે. ગુજરનાર સામાવાળા નં. ૧ પાસે કયારથી નોકરી કરતા હતા તેવું પણ જણાવેલ નથી. અકસ્માત બનાવ સને ૨૦૧૦ નો છે તે ધ્યાને લેતાં ગુજરનારની આવક રૂા. ૩૫૦૦/- હોવાનું ઠરાવવામાં આવે છે. ગુજરનારની આવક અકસ્માત સમયે રૂા. ૩૫૦૦/- ગણવાનું ઠરાવવામાં આવતા અને અકસ્માત સમયે ગુજરનારની ઉમર ૨૧ વર્ષ જોતાં કર્મચારી વળતર અધિનિયમની કલમ-૪ (૧) (એ) ઈજાથી મૃત્યુ નિપજે તો મૃત્યુ પામનાર કામદારની આવકના ,૫૦ % લેખે રૂા. ૧૭૫૦/- અને અનુસુચિ-૪ ધ્યાને લેતાં ૨૧ વર્ષના રેલેવન્ટ ફેકટર ૨૨૨.૭૧ વડે ગુણતા રૂા. ૩,૮૯,૭૪૩/- વળતરની રકમ અરજદાર સામાવાળા નં. ૧-૨ પાસેથી મેળવવા હકદાર છે તેવું ઠરાવવામાં આવે છે  તેથી મુદા નં. ૪ અને ૫ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં. ૬ થી નં. ૭</u> :-

આ કામે અકસ્માત જે વાહનથી થયેલ છે તે વાહનની ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપનીની પોલીસી આંક-૩૬ રજુ થયેલ છે. જેમાં અકસ્માતમા સંકળાયેલ વાહન ટેન્કર નં. આર.જે.૯. જી. ૪૬૫૭ નો સમાવેશ થાય છે. જેમા અકસ્માતથી થર્ડ પાર્ટી જોખમ તા. ૦૧/૦૨/૦૯

થી તા. ૩૧/૦૧૧૦ સુધી જોખમ કવર થયેલ છે. આ અકસ્માત તા. ૬/૧/૨૦૧૦ ના રોજ થયેલ છે તેવું પોલીસ પેપર્સ આંક–૨૯ ના લીસ્ટથી રજુ થયેલ છે તે જોતા ફલિત થાય છે. વિમાકંપનીના આંક–૨૧૪ ના લેખિત જવાબમાં અકસ્માતમા વળતર અંગેની જવાબદારી માલીકને બને છે તેવું જણાવેલ છે પરંતુ થર્ડ પાર્ટી રીસ્ક જોતાં આ કામના સામાવાળા નં. ૧–૨ સંયુકત અને પૃથ્થક પૃથ્થક રીતે વળતરની રકમ રૂા. ૩,૮૯,૭૪૩/– ચુકવવા જવાબદાર થાય છે તેવું ઠરાવવામાં આવે છે. આ કામના સામાવા નં. ૧ ના એ નોટીસ મળવા છતા ૩૦ દિવસની અંદર વળતરની રકમ નામ. કોર્ટમા જમા કરાવેલ નથી કે અરજદારને ચુકવેલ નથી. આ કામ આ કાયદાની કલમ–૪ (એ)(૧) મુજબ વળતર લેણું થાય કે તરત જ ચુકવવું જોઈએ. કલમ–૪ (એ) (૩) મુજબ વળતર ચુકવવાનુ થાય કે ૩૦ દિવસની અંદર ચુકવવામાં કસુર કરે તો શિડયુલ બેંકના અધિકતમ દરથી વધુ નહી તેવા ઉંચા દરે સાદુ વ્યાજ ચુકવવાની જવાબદારી બને છે. આ કામે અરજદાર તરફે નામ. સુપ્રિમકોર્ટનો ચુકાદો ૨૦૧૫ એસીજે પેજ નં. ૯૩૬ પ્રવિણભાઈ એસ. ખંભાયાતા વિરૂધ્ધ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપનીના કેસમાં ૧૨ % સાદુ વ્યાજ ચુકવવા જવાબદાર છે તેવું ઠરાવેલ છે અને તે ચુકાદાની હકીકત જોતા વિમાકંપનીએ અકસ્માત તારીખથી ૧૨ % સાદુ વ્યાજ આ કામના અરજદારને ચુકવવાનું ઠરાવવામાં આવે છે. આ કામે અકસ્માત પછી નિયત સમયમર્યાદામાં સામાવાળાએ વળતર ચુકવેલ હોય તેવુ ફલીત થતુ નથી. ગુજરનારના વારસદારે આ કામે આંક–૨૩ થી જુબાની આપેલ છે જેમાં સામાવાળાએ વળતર ચુકવેલ નથી કે કમિશ્નર સમક્ષ જમા કરાવેલ નથી તેવું જણાવેલ છે. તેથી અકસ્માત બનાવની તારીખથીચુકવવા જવાબદાર છે તેમજ આ કામના અરજદારોને વળતરની રકમ ઉપર સાદુ વ્યાજ ૧૨ % આ કામના વિમાકંપની અને સામાવાળા નં. ૧ પૃથ્થક પૃથ્થક અને સંયુકત રીતે ચુકવવા જવાબદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે. આ કામે અરજદાર તરફે રજુ થયેલ કર્ણાટક હાઈકોર્ટના ઓરીએન્ટ ઈન્સ્યોરન્સ કંપની વિરૂધ્ધ અબ્રાહમ ફીલીપ્સ પર્શા ના ચુકાદાની જોગવાઈ ધ્યાને લેતા ચુકાદો જોતા આ કાયદાની કલમ–૪ (એ) (૩) (એ) મુજબ ૩૦ દિવસમા વળતરની રકમ જમા ન કરાવે તો વ્યાજ ચુકવવા માટે જવાબદાર છે. એવું અદાલતનું માનવુ છે. આ કામે સામાવાળા નં. ૨ વિમાકંપની તરફે રજુ થયેલ ૨૦૦૬ એસીજે પેજ નં. ૧૩૯ નીલમદેવી વિરૂધ્ધ દેવેન્દ્રસિંહ યાદવનો ચુકાદો જોતા તેમા માલીક કામદારના સંબંધની તકરાર લીધેલી અને ગુજરનાર રોજગારી મેળવવા માટે ઓછી ઉમર હોય અને કાયદેસરનું લાયસન્સ ન હતું અને વિમાકંપનીની કોઈ જવાબદારી ઠરાવેલ ન હતી. આ કેસમાં ગુજરનાર કલીનર હતા અને

વિમાકંપનીએ અરજદારે રજુ કરેલ આંક–૨૯ ના દસ્તાવેજમા આંક આપવા સામે વાંધો લીધેલ નથી જે દસ્તાવેજો ઘ્યાનમા લેતા મેડીકલ ઓફીસરે ઈલેકટ્રીક કરંટ લાગવાથી મૃત્યુ થયેલ છે તેવું ઠરાવેલ છે તેમજ પી.એમ.નોટથી પણ અકસ્માતના બનાવને સમર્થન મળે છે તેટલા અંશે આ હકીકત સદર ચુકાદાથી અલગ પડતી હોય તેનો લાભ વિમાકંપનીને આપી શકાય નહી તેવું અદાલતનું માનવું છે. આ કાયદાની કલમ–૪ (એ) (૩) (બી) મુજબ વ્યાજ ઉપરાંત વ્યાજબી કારણ વળતર ચુકવવાનું ન હોય તો ૫૦ % પેનલ્ટી પણ ચુકવવા જવાબદાર બને છે. પરંતુ આ કામના સામાવાળાને વિમાકંપનીએ અકસ્માત અંગેની જાણ કરી હોય તેવું ફલિત થતું નથી અને સામાવાળા નં. ૧ માલીકે પણ વળતરની રકમ જમા કરાવવા માટે કોઈ પ્રયત્ન કરેલ ન હોય તેથી વળતરની રકમ ઉપર પેનલ્ટીની રકમ ૨૫ % કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી છે તેવું અદાલતનું માનવું છે.

ઉપરોકત ચર્ચા અને કારણો જોતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. અરજદારની કર્મચારી વળતર અરજી વ.કો.ફે. નં. ૯/૧૦ અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા નં. ૧ અને નં. ૨ ને અકસ્માત વળતરની રકમ રૂા. ૩,૮૯,૭૪૩/– (અંકે રૂા. ત્રણ લાખ, નેવ્યાસી હજાર, સાતસો તેતાલીસ પુરા) તથા વળતરની રકમ ઉપર ૧૨ % સાદુ વ્યાજ અકસ્માત તારીખથી સંયુકત અને પૃથ્થક પૃથ્થક રીતે અરજદારોને ચુકવવા માટે હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના સામાવાળા નં. ૧ ને વળતરની રકમ ઉપર ૨૫ % પેનલ્ટીની રકમ રૂા. ૯૭,૪૩૬/– (અંકે રૂા. સતાણું હજાર, ચારસો છત્રીસ પુરા) ચુકવવા માટે હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના સામાવાળા નં. ૧ ના એ અરજીખર્ચના રૂા. ૧૦૦૦/– અરજદારને ચુકવી

આપવાનો હુકમ કરવામાં આવે છે.

પ.   આજરોજ તા. ૩૧  જાન્યુઆરી  ૨૦૧૮ ના રોજ હુકમ જાહેર કર્યો.

તા. ૩૧/૦૧/૨૦૧૮
ગાંધીધામ–કચ્છ.

(કે.એલ.બારીયા)
કમિશ્નર,
વર્કમેન કોમ્પેનશેસન એકટ,
મજુર અદાલત,ગાંધીધામ–કચ્છ
જીજે.૦૦૭૮૬.